સંક્ષિપ્ત સમાચાર

ઓલપાડમાં વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા યોજાઈ

સુરત: ગુજરાતીનો અધ્યાપક સંઘ તેમજ શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ કોલેજ, ઓલપાડના સંયુક્ત ઉપક્રમે તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ પુરુષોત્તમ ફાર્મસ સાંસ્કૃતિક ભવન ખાતે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જાણીતા સર્જક ડો.દલપતભાઈ ચાવડા રહ્યા હતા. સંચાલક મંડળના પ્રમુખ બળવંતભાઈ પટેલ, માનદ મંત્રી વસંતભાઈ પટેલ અને આચાર્ય ડો.સંજયકુમાર લાલાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનમાળામાં ડો.નરેશ વાઘેલાએ 'વ્યથાના વીતક', ડો.દલપતભાઈ ચાવડાએ 'ઓખાહરણ' અને ડો.સુનીલભાઈ જાદવે 'બહિષ્કૃત ફૂલો' કૃતિ પર રસપ્રદ વક્તવ્યો આપ્યાં હતાં. ડો.ગીતાબેન ગરાસીયાએ સંચાલન અને ડો.રચના પટેલે આભારવિધિ કરી હતી. પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓની વિશાળ હાજરીમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

લઘુ ઉદ્યોગ ભારતીએ રેલવે મંત્રીની મુલાકાત લીધી

સુરેશ ગાંધી

અંકલેશ્વર: લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આગામી 23થી 26 ઓક્ટોબર દરમિયાન યોજાનારા એક્ઝિબિશનના આમંત્રણ નિમિત્તે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવજીની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન લઘુ ઉદ્યોગ ભારતીના સંગઠન મંત્રી પ્રકાશચંદ્ર ગુપ્તાજી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બળદેવભાઈ પ્રજાપતિ, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ વજુભાઈ વગાસિયા, લઘુ ઉદ્યોગ ભારતી રાષ્ટ્રીય સહ મહામંત્રી નરેશ પરીખ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈશ્વરભાઈ પટેલ સહિત લઘુ ઉદ્યોગ ભારતીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. એક્ઝિબિશનના આમંત્રણ ઉપરાંત, લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા વર્ષ 2025માં કરવામાં આવેલી અને હજુ સુધી પેન્ડિંગ રહેલી મુંબઈ-અમદાવાદ વંદે ભારત ટ્રેનને ભરૂચ અથવા અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવા તેમજ વડનગર-વલસાડ ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવા અંગેની માંગણી પણ મંત્રી સમક્ષ પુનઃ રજૂ કરવામાં આવી હતી. મંત્રીએ આ માંગણીને ગંભીરતાથી લઈ અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. સાથે જ મુંબઈ-અમદાવાદ વંદે ભારત ટ્રેનને ભરૂચ અથવા અંકલેશ્વર ખાતે તથા વડનગર-વલસાડ ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવા અંગે સકારાત્મક ખાતરી આપવામાં આવી હતી.

સાબરગામ શૈક્ષણિક સંકુલ ખાતે પ્રેરણાત્મક સેમિનાર યોજાયો

દિપકસિંહ મહીડા

સાબરગામ: સાબરગામ સ્થિત પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે તા.૧ અને ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ 'Everything is Possible' અને 'Goal Setting Skills' વિષય પર પ્રેરણાત્મક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં આંતરરાષ્ટ્રીય મોટિવેશનલ સ્પીકર, માઇન્ડસેટ કોચ, લેખક તથા વિશ્વના પ્રસિદ્ધ મોટિવેશનલ સ્પીકર્સમાં ૪૭મા ક્રમે સ્થાન ધરાવતા રાહુલ કપૂર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ બલદેવસિંહજી મહીડા તથા માનદ મંત્રી ઈશ્વરલાલ ગોપાળજી પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રાહુલ કપૂરે સેમિનારમાં તેમણે "Change Your Mindset, Change Your Results" તથા "Let's Decode the Unstoppable Mindset" જેવા વિષયો દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારસરણી અને સફળતા માટેની દૃઢતા કેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ સેમિનારમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક માર્ગદર્શનનો લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે ડો.ફાલ્ગુનીબેન ઠક્કરે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાજલબેન પટેલ, ડો.અર્ચના પટેલ અને પ્રો. ઉત્સવી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભરૂચમાં ગણેશ સુગરના સ્થાપકની 31મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ

ભરૂચ: ગણેશ સુગરના પરિસરમાં સંસ્થાના સ્થાપક ચેરમેન સ્વ.હરિસિંહ મહીડાની 31મી પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના સભા યોજવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના હાલના અને ભૂતપૂર્વ હોદ્દેદારો, સભાસદ ખેડૂતો, અધિકારીઓ અને કર્મચારીઓએ એકત્ર થઈ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સભાની શરૂઆતમાં વાઇસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડા, કસ્ટોડિયન કમિટીના સભ્ય જીતેન્દ્રસિંહ જાદવ, ચંદનભાઈ વસાવા, મહેન્દ્રભાઈ વસાવા, માજી ડિરેક્ટર ધર્મેન્દ્રસિંહ મહીડા, ઇ. મેનેજિંગ ડિરેક્ટર અમરસિંહ રણા, સભાસદ ખેડૂત મિત્રો તેમજ અધિકારી-કર્મચારીગણે સ્વ. મહીડાના ચિત્ર પર પુષ્પાંજલિ આપી ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સ્વ. હરિસિંહ મહીડાના સુપુત્ર અને સંસ્થાના માજી ડિરેક્ટર ધર્મેન્દ્રસિંહ મહીડાએ પિતાના જીવનના પ્રસંગોને ઉજાગર કર્યા હતા.

નેત્રંગની વિદ્યાર્થિનીઓનો ખેલ મેદાન પર ડંકો

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકાના શણકોઈ સ્થિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ જિલ્લા કક્ષાની SGFI શાળાકીય રમતગમત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કુલ ૨૬ મેડલ પ્રાપ્ત કર્યા છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત 'સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત', ગાંધીનગર દ્વારા પ્રેરિત ૭૦મી અખિલ ભારતીય શાળાકીય SGFI એથ્લેટિક્સ સ્પર્ધા (૨૦૨૬-૨૭)ની જિલ્લા કક્ષાની સ્પર્ધા તા. ૨૯ના રોજ જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ભરૂચ ખાતે યોજાઈ હતી, જેમાં શણકોઈની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની ૨૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના અંડર-૧૪ વિભાગમાં નેહા વસાવાએ ચક્રફેંકમાં પ્રથમ, છાયા વસાવાએ લાંબીકૂદમાં પ્રથમ, વીરા વસાવાએ ચક્રફેંકમાં દ્વિતીય અને રિકલ વસાવાએ ગોળાફેંકમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. અંડર-૧૭ વિભાગમાં વૈશાલી વસાવાએ ગોળાફેંકમાં પ્રથમ, રવિના વસાવાએ ચક્રફેંક અને બરછીફેંક બંનેમાં પ્રથમ, હિરલ વસાવાએ ત્રિપલ જમ્પમાં પ્રથમ, સંજના વસાવાએ ઊંચીકૂદમાં પ્રથમ અને લાંબીકૂદમાં દ્વિતીય, સુહાના વસાવાએ ચક્રફેંકમાં દ્વિતીય, નિશા વસાવાએ બરછીફેંકમાં દ્વિતીય તેમજ જ્યોતિકા વસાવાએ ગોળાફેંક અને ત્રિપલ જમ્પમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અંડર-૧૯ વિભાગમાં રોજની વસાવાએ ઊંચીકૂદ અને ત્રિપલ જમ્પમાં પ્રથમ, શિતલ વસાવાએ ચક્રફેંકમાં પ્રથમ અને બરછીફેંકમાં દ્વિતીય, શ્વેતલ વસાવાએ બરછીફેંકમાં પ્રથમ અને ચક્રફેંકમાં દ્વિતીય, જાગૃતિ વસાવાએ ગોળાફેંકમાં પ્રથમ, રાધિકા વસાવાએ ત્રિપલ જમ્પમાં દ્વિતીય અને ૧૦૦ મીટર દોડમાં તૃતીય, નિર્જલા વસાવાએ લાંબીકૂદમાં દ્વિતીય તથા સોનલ વસાવાએ ગોળાફેંકમાં તૃતીય સ્થાન મેળવ્યું હતું. આમ, શણકોઈની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ કુલ ૧૨ ગોલ્ડ, ૧૧ સિલ્વર અને 3 બ્રોન્ઝ એમ કુલ ૨૬ મેડલ જીતીને પોતાની શાળા તેમજ નેત્રંગ તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

ભરૂચમાં ઓનલાઈન ટ્રેડિંગની લાલચમાં પ્રોજેક્ટ મેનેજરે ૩.91.51 લાખ ગુમાવ્યા

વોટ્સએપ ગ્રુપ અને નકલી ટ્રેડિંગ એપ્લિકેશન થકી સાયબર ઠગોએ રૂપિયા સેરવી લીધા

ભરૂચ: ભરૂચના એક 54 વર્ષીય LNG દહેજના પ્રોજેક્ટ મેનેજર સાયબર ઠગોએ ઓનલાઈન ટ્રેડિંગ અને AI આધારિત રોકાણની લાલચ આપીને 91.51 લાખની રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ કૌભાંડમાં વોટ્સએપ ગ્રુપ અને નકલી ટ્રેડિંગ એપ્લિકેશન દ્વારા તેઓને લલચાવીને અલગ-અલગ બેંક ખાતામાં રકમ જમા કરાવવામાં આવી હતી. જ્યારે તેઓ જમા કરેલી રકમ પરત મેળવવા માટે વધારાની ફી માંગવામાં આવી ત્યારે તેમને છેતરપિંડીનો અહેસાસ થયો અને ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

ભરૂચ દહેજ બાયપાસ રોડ પર આવેલા નવજીવન સોસાયટીમાં રહેતા 54 વર્ષીય નિશાંતકુમાર ભગુભાઈ પટેલ દહેજ પેટ્રોનેટ LNGમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. તેમનો મોબાઈલ નંબર તેમના HDFC બેંકમાં લિંક છે. તેમનો મોબાઈલ વોટ્સએપ સોશ્યલ મીડિયા એપ્લિકેશન ઉપયોગ કરે છે.

તેઓ તા.18 જુલાઈના રોજ કોઈ અજાણ્યા વોટ્સએપ ગ્રુપ 'Apex Forum Group335' માં જોડાયા હતા. આ ગ્રુપમાં ઉમેરીને 'APAX AI intelligent quantitative trading Account'ના નામે નકલી ટ્રેડિંગ એપ (meisshuia.com) ખોલાવવામાં આવી હતી. આરોપીઓએ 5થી 20 ટકા દૈનિક વળતરની લાલચ આપીને તેઓને રોકાણ માટે સમજાવ્યા હતા અને અલગ-અલગ કંપનીઓ તથા વ્યક્તિઓના નામે ખોલવામાં આવેલા 6 બેંક ખાતામાં રકમ જમા કરાવવા માટે કહેવામાં આવ્યું હતું. તા.5 માર્ચથી 1 જૂન-2026 દરમિયાન ફરિયાદીએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન સહિત જમા થયેલી રકમ પરત લેવાની ફી માંગણી સહિત કુલ ૩.91,51,190 જમા કરાવ્યા હતા. તેમણે જમા કરાવેલી રકમ પરત ન મળતાં ઈન્ટરનેટના માધ્યમથી છેતરપિંડી થતાં સાયબર ક્રાઈમમાં ઓનલાઈન અરજી કરી હતી. જેના આધારે ભરૂચ સાયબર ક્રાઈમમાં IT એક્ટ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

કીમમાં રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે વધુ એકનું ટ્રેન અડફેટે મોત

એસ્કેલેટરની વર્ષોથી માંગ છતાં તંત્રની ઉદાસીનતા યથાવત્

કીમ: કીમ રેલવે સ્ટેશન પર રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે વધુ એક વ્યક્તિનું ટ્રેન અડફેટે આવી જતાં મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે રેલવે તંત્રની વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

માંગરોળના મસ્જિદ ફળિયામાં રહેતા જફરુલ્લા ઇબ્રાહિમ બેલિમ (ઉ.વ.57) કીમ પોસ્ટ ઓફિસમાં ટપાલી તરીકે ફરજ બજાવતા હતા. ગુરુવારે સવારે આશરે 9:30 વાગ્યાના અરસામાં સુરતથી વડોદરા તરફ જતી ડાઉન લાઇન તથા DFC ટ્રેક વચ્ચે ટ્રેક ક્રોસ કરતી વખતે તેઓ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ગંભીર અકસ્માતમાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં કીમ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ટ્રેક ક્રોસ કરવું નિયમ વિરુદ્ધ હોવાની વાત રેલવે તંત્ર દ્વારા વારંવાર કરવામાં આવે છે. જોકે, સ્થાનિકોનો સવાલ છે કે જો ટ્રેક ક્રોસિંગ જોખમી અને પ્રતિબંધિત છે, તો મુસાફરો તથા અન્ય લોકો માટે એક છેડેથી બીજા છેડે જવા માટે પૂરતી અને સરળ સુવિધા કેમ ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી? કીમ રેલવે સ્ટેશન પર બનાવવામાં આવેલો ફૂટ ઓવરબ્રિજ અનેક લોકો માટે મુશ્કેલીરૂપ બન્યો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. ઊંચા અને લાંબા પગથિયાંને કારણે વૃદ્ધો, બીમાર લોકો, દિવ્યાંગો તથા શારીરિક રીતે નબળા મુસાફરો માટે બ્રિજનો ઉપયોગ કરવો મુશ્કેલ બને છે.

કીમ રેલવે સ્ટેશન પર એસ્કેલેટર અથવા લિફ્ટની સુવિધા ઊભી કરવાની માંગ સ્થાનિકો અને મુસાફરો દ્વારા વર્ષોથી કરવામાં આવી રહી છે. છતાં કાયમી ઉકેલ આવ્યો નથી.

સ્થાનિકોનું કહેવું છે કે સરળ અને સુગમ વિકલ્પના અભાવે કેટલાક લોકો જોખમ લઈને ટ્રેક ક્રોસ કરે છે. પરિણામે વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને પરિવારો પોતાના સ્વજનો ગુમાવી રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે કીમ રેલવે સ્ટેશનની વ્યવસ્થાની તાત્કાલિક સમીક્ષા કરવામાં આવે એ જરૂરી છે.

કુકરમુંડામાં આદિવાસી હક-અધિકાર મુદ્દે ધરણા

સરકારી જમીન પર દુકાનો, 'ગ્રામ હાટ બજાર'ના બાંધકામ સહિત કથિત ગેરરીતિની તપાસની માંગ

કુકરમુંડા: આદિવાસી સમાજના હક અને અધિકારોને લઈને ગત તા.૩ સપ્ટેમ્બરથી કુકરમુંડા તાલુકા સેવા સદન ખાતે ધરણા આંદોલન શરૂ કરાયું છે. આંદોલનકારીઓએ ફૂલવાડી ગ્રામ પંચાયતમાં કમર્શિયલ હેતુસર થયેલાં ગેરકાયદે પાકાં દબાણો દૂર કરવાની માંગ કરી છે. ઉપરાંત વર્ષ-૨૦૧૪થી 'ગ્રામ હાટ બજાર' માટે ફાળવાયેલી રૂ.૫.૩૫ કરોડથી વધુની ગ્રાન્ટ છતાં બાંધકામ ન થવા અને સરપંચ-માજી સરપંચ સામેના ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. યોગ્ય ઉકેલ ન આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી અપાઈ છે.

ખોલવડના રત્નકલાકારને આરટીઓ ચલણની ફાઈલ ખોલવાનું ભારે પડ્યું

કામરેજ: મૂળ જૂનાગઢના પીરવડ ગામના વતની અને હાલ કામરેજના ખોલવડ ગામે વર્ણી વિલામાં મકાન નં.10માં નિલેશ વિરજીભાઈ સાબલપરા રહીને કાપોદ્રા ખાતે રત્નકલાકાર તરીકે કામ કરે છે. ગત તા.21મી ઓગસ્ટના રોજ કારખાનામાં હતા, ત્યારે અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં એપીકે ફાઈલનું આરટીઓનું ઈ ચલણ આવ્યું હતું. જે ફાઈલ ખોલતાં જ આધારકાર્ડ તેમજ બેંકના ઓટીપી આવવાનું શરૂ થઈ ગયું હતું. ત્રણ દિવસ બાદ ઓટીપી આવવાના બંધ થઈ ગયા હતા. બાદ સિમકાર્ડ પણ બે દિવસ બંધ થઈ ગયો હતો. બાદ મોબાઈલ બતાવતા મોબાઈલ હેક થઈ ગયો હતો. બેંકની એપ્લિકેશનમાં એકાઉન્ટમાં ચેક કરતાં 29 ઓગસ્ટે 99,000, 31મી ઓગષ્ટે 99,000 મળી કુલ રૂ.1,98,000 કપાઈ જતાં ઓનલાઈન સાઈબર છેતરપિંડી થતાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી.

સાગબારામાં જંગલ જમીનના ખેડાણનો મુદ્દો ફરી ગરમાયો

રોજગારી વિનાના ખેડૂતો જંગલ જમીન ખેડવા જતાં વન વિભાગે અટકાવ્યા

ચિકદા, ભરૂચ, સાગબારા: સાગબારા વિસ્તારમાં જંગલ જમીન પર ખેડાણને લઈને ખેડૂતો અને વન વિભાગ વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. અગાઉ આંદોલન દરમિયાન અન્નત્યાગ કરીને બીમાર પડેલાં લીલાબેન વસાવાને સારવાર બાદ રાજપીપળાથી રજા મળતાં જ ફરી એક વખત તંત્રની 'બેધારી નીતિ' સામે ખેડૂતોએ રણટંકાર કર્યો છે.

ખોપી ગામે ૨૪ દિવસ સુધી ધરણા બાદ મંત્રીઓના આશ્વાસનથી ખેડૂતો શાંત પડ્યા હતા, પરંતુ હવે ચોમાસાની માત્ર ૨૫ ટકા સિઝન બાકી રહેતાં પેન્ડિંગ દાવાવાળા ખેડૂતોએ હળ ચલાવવાનું શરૂ કરતાં વન વિભાગે ફરી અટકાયત કરીને અડચણ ઊભી કરી છે. ગુરુવારે પણ રોજગારી વિનાના ખેડૂતો જંગલ જમીન ખેડવા જતાં વન વિભાગે તેમને અટકાવી દીધા હતા. લીલાબેન વસાવાએ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું, આ વિસ્તારના ખેડૂતો આજે અનાજ પકવવાનાં ફાંફાં છે. નાનાં-માસૂમ બાળકો, માતા-બહેનો સહિત તમામ લોકો પર જો સરકારને દયા હોય તો તેમને જીવવા માટે જમીનનો હક્ક વહેલો મળવો જોઈએ.પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલા ઘટનાસ્થળે પહોંચ્યા અને વન અધિકારીઓને કહ્યું, તમે પેન્ડિંગ દાવાને લઈને હાઈકોર્ટના ચુકાદાનો અનાદર કરી રહ્યા છો. એક તરફ સરકાર ૯૦ દિવસમાં સનદ આપવાની ગેરંટી આપે છે, તો બીજી બાજુ આ જ જગ્યામાં ખાડા ખોદીને વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. આ બેધારી નીતિ ખેડૂતો માટે અસ્વીકાર્ય છે.

માંડવીની લિટલ પામ પ્રિ-સ્કૂલમાં જન્માષ્ટમી મહોત્સવ

દિપક સોની

માંડવી: માંડવી રાજપૂત ફળિયા સ્થિત લિટલ પામ પ્રિ-સ્કૂલ ખાતે જન્માષ્ટમી પર્વની ભવ્ય અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવ અંતર્ગત શાળાનાં નાનાં ભૂલકાં ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાજીની નયનરમ્ય વેશભૂષા સજીને આવ્યા હતા, જેના કારણે સમગ્ર શાળા પરિસર ગોકુળધામ જેવું ભક્તિમય બની ગયું હતું. આચાર્યા હેતલબેનના માર્ગદર્શન હેઠળ નિયમિત શૈક્ષણિક કાર્ય બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત થઈ હતી. કાર્યક્રમના અંતે ધોરણ-૧થી ૪ ના તમામ વિદ્યાર્થીઓને તેમના વાલીઓ સાથે વિદાય આપવામાં આવી હતી.

સોનગઢમાં રાહુલ ગાંધી વિરુદ્ધ FIR મામલે કોંગ્રેસનો વિરોધ

સોનગઢ: સોનગઢ ખાતે રાહુલ ગાંધી વિરુદ્ધ કરવામાં આવેલ FIR અને સત્તાના દુરુપયોગના વિરોધમાં સોનગઢ ઉકાઈ કોંગ્રેસ સમિતિએ ધરણા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉત્તરાખંડના હલદવાની ખાતે બુદ્ધિજીવી જાહેર સભામાં ભાજપ સરકાર દ્વારા એસ.સી., એસ.ટી. એક્ટનો દુરુપયોગ કરી FIR કરવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આ વિરોધ પ્રદર્શનમાં માજી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભુલાભાઈ ગામીત, જિલ્લા મહિલા પ્રમુખ ટીનાબેન ચૌધરી સહિત મોટી સંખ્યામાં તાલુકા-પંચાયતના સભ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરના યુવકના બેંક ખાતામાંથી ૩.૧૩.૧૨ લાખ બારોબાર ઉપડી ગયા

IIFL ગોલ્ડ લોન મેળવવા જતાં બેંક બેલેન્સ 'ઝીરો' હોવાનો ખુલાસો થયો

૩.૧૩.૧૨ લાખ 'જય માતાજી એન્ટરપ્રાઈઝ' નામના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાયા

ભરૂચ: અંકલેશ્વરના આરડીએલ સોસાયટી વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવકના પંજાબ નેશનલ બેંક (PNB) ના સેવિંગ એકાઉન્ટમાંથી અજાણ્યા સાયબર ઠગોએ ૩.૧૩.૧૨ લાખની ઓનલાઈન ચોરી કરી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ ગુનો ૨૨ ઓગસ્ટથી ૨૪ ઓગસ્ટ દરમિયાન બન્યો હતો.

મૂળ અમરેલીના મીઠાપુરના વતની અને હાલ અંકલેશ્વર GIDC આર.ડી.એલ. સોસાયટીમાં રહેતા હાર્દિકભાઈ મથુરભાઈ શેખડા છેલ્લા ૮ મહિનાથી ઝઘડિયા GIDCમાં આવેલી ખાનગી કંપનીમાં ક્વોલિટી કંટ્રોલર તરીકે નોકરી કરે છે. તેમનો વોડાફોન-આઈડિયા મોબાઈલ નં.૯૯૧૩૧૦૦૬૯૪ સાથે PNB બેંક એકાઉન્ટ ઓનલાઈન લિંક છે. તા.૨૪ ઓગસ્ટે હાર્દિકભાઈ ઘરના કામકાજ અને પારિવારિક કારણોસર IIFL ગોલ્ડ લોન કરાવવા માટે ગયા હતા.

રસ્તામાં તેમણે PNB એપ્લિકેશન લોગિન કરી ચેક કર્યું કે ગોલ્ડ લોનના રૂ.૯,૯૭,૦૦૦ જમા થયા કે નહીં. પરંતુ તેમના ખાતાનું બેલેન્સ ઝીરો દેખાતું હતું. બેંક સ્ટેટમેન્ટ જનરેટ કરતાં જાણવા મળ્યું કે, તા.૨૨ ઓગસ્ટે રૂ.૩ લાખ અને રૂ.૬.૯૭ લાખ ડેબિટ થયેલા હતા.

અંકલેશ્વર શાખાનો સંપર્ક કરતાં ખુલાસો થયો કે તમામ પૈસા 'JAY MATADI ENTERPRISE' નામના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા છે. જે બાબતે તા.૨૪ ઓગસ્ટે NCCRP પોર્ટલમાં E-FIR કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશને જાણ કરતાં સાયબર પોલીસે આ કેસની તપાસ હાથ ધરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, તા.૨૨ ઓગસ્ટે રૂ.૧.૧૫ લાખ + રૂ.૨ લાખ અને તા.૨૪ ઓગસ્ટે રૂ.૩ લાખ + રૂ.૬.૯૭ લાખ કુલ મળીને રૂ.૧૩.૧૨ લાખ ડેબિટ થયા છે. સેરવી લેવાયેલી રકમ DCB બેંક એકાઉન્ટ નં.૪૪૨૨૯૦૦૦૫૯૬ (IFSC CODE-DCBL0000442)માં જમા કરવામાં આવી હતી, ત્યારબાદ અન્ય બેંક એકાઉન્ટોમાં ટ્રાન્સફર કરી દેવાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે.

આ અંગે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ઇન્ટરનેટના માધ્યમથી અન્ય બેંકોનાં એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર થતાં ગુનો નોંધ્યો છે. પોલીસે આ બાબતે વધુ તપાસ શરૂ કરી છે.

તરસાડી સાયન્સ કોલેજમાં મટકી ફોડ કાર્યક્રમ યોજાયો

ઇબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી ખાતે આવેલી સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે હેઠળ મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જોડાઈને ભાગ લીધો હતો અને માટલી ફોડ કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.કેતન નિઝામાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય અને સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સોનગઢમાં કાર પાર્ક કરતી વેળા અકસ્માતમાં એકનું મોત, બે ઘાયલ

સોનગઢ: સોનગઢ ખાતે ધાર્મિક પ્રવાસની તૈયારીઓ વેળા અકસ્માત સર્જાયો હતો. નવાગામ બ્રાહ્મણ ફળિયામાં પરિવાર મહારાષ્ટ્ર ખાતે ફરવા જવા માટે રાત્રે ટેમ્પો ટ્રાવેલ્સની રાહ જોતો હતો અને ટ્રાવેલ્સ આવી જતાં તમામ સભ્યો પોતપોતાનો સામાન મૂકવાની કાર્યવાહીમાં વ્યસ્ત હતા.

આ સમયે આરોપી રવિભાઈ અશોકભાઈ આડતીયા પોતાની એક્સયુવી કાર પાર્ક કરવા માટે રિવર્સમાં લઈ રહ્યા હતા.

દરમિયાન વડોદરાથી આવેલા તેમના સાઢુભાઈ હાર્દિકકુમાર બીપીનચંદ્રા લુક્કા પાર્કિંગનો લોખંડનો ગેટ બંધ કરવા માટે ગયા હતા.

ત્યારે ચાલકની બેદરકારીને કારણે અચાનક કાર આગળ વધી જતાં હાર્દિકભાઈને ગંભીર ટક્કર વાગી હતી, જેથી તેઓ રોડ પર ફંગોળાઈને પટકાયા હતા. આ અકસ્માતમાં હાર્દિકભાઈને નાક, મોં અને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં હોસ્પિટલ પહોંચાડે એ પૂર્વે જ મોત નીપજ્યું હતું.

ઉપરાંત અડફેટે આવતાં દીપકભાઈ અને આર્યકુમાર નામના અન્ય બે વ્યક્તિને પણ ઈજા પહોંચી હતી. આ અંગે સોનગઢ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

Milano MULTIPLEX

બારડોલી

Mirzapur : The Movie
11:00am, 2:00pm, 6:00pm, 9:00pm, 10:00pm

Toxic
10:00am, 01:00pm, 05:00pm

Asambhauuu- Gujarati
06:30pm

Hanuman Ansh
03:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

જાહેર હરાજી

અરેઠ તાલુકાના બૌધાન ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ બૌધાન તેમજ વળોદ આંગણવાડીનાં મકાનો હાલ અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી તેનો ઉપયોગ કરવો હિતાવહ નથી. જેથી આ બંને મકાનોની જાહેર હરાજી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.જે કોઈ રસ ધરાવતા ઈચ્છુક વ્યક્તિઓ હોય તેઓએ તા. 10-09-2026, ગુરુવારના રોજ સવારે 11:30 કલાકે પંચાયત કચેરીએ રૂબરૂ હાજર રહી હરાજી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

બૌધાન ગ્રામ પંચાયત
તા.અરેઠ, જિ. સુરત

સરપંચ
શ્રીમતી મીનાબેન બળવંતભાઈ રાઠોડ

જય જવાન — વિના સહકાર નહીં ઉધ્ધાર — જય કિસાન

**શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડલી લિ પંડવાઈ સુગરની તા. ૫-૯-૨૦૨૬ના રોજની ચ